લ્યો બોલો... જિલ્લા ટ્રાફિક પોલીસની ટોલનાકા ઉપર દબંગગીરી સામે આવી

દબંગ ગીરી નો વિડિયો વાયરલ થયો : ટોલ કર્મચારી ની ઓફિસ નો દરવાજો તોડવાની કરી કૌશિક : ટ્રાફિક પીએસાઇ સહિત બે પોલીસના જવાનો દ્વારા દરવાજા પર લાતો નો વરસાદનો વિડીઓ વાયરલ : - ટોલ સંચાલક જોડે સામાન્ય બાબતમાં રીઢા ગુનેગાર જેવો વ્યવહાર

પ્રાંતિજ તા. ૧૭ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર ટોલનાકા ઉપર જિલ્લા ટ્રાફિક પોલીસ ની દબંગ ગીરી નો વિડીઓ થયો વાયરલ.

વાત જાણે એમ છે કે રાત્રી ૧૨.૨૦ કલાકે હિંમતનગર જિલ્લા ટ્રાફિક પોલીસ ટોલટેક્સ બાજુ રાઉન્ડ મા હતી તે દરમ્યાન પ્રાંતિજ ના કતપુર પાસે આવેલ ટોલ બુથ ઉપર ટોલ કંપનીની ઓફિસની આગળ કંપની ની કાર પાર્ક કરેલ હતી તો બહાર ઉભેલા સંચાલક ને કાર વિષે પૂછતા સંચાલકે કંપનીની કાર છે તેવું જણાવ્યું હતું તો ટ્રાફિક પોલીસ દ્વારા કાર ના ડોકયુમેન્ટ માંગતા સંચાલકે ડ્રાયવર પાસે છે તો ડ્રાયવર ને બોલાવીને આપ્યા હતાં અને ટ્રાફિક પોલીસ દ્વારા કાગળ ઉપર સહિ કરવાનું કહેતા ટોલ સંચાલક બહાર થી દોડી ને અંદર આવી ગયો હતો તો આઇડી પુફ પણ માગ્યું હતું તો જિલ્લા ટ્રાફિક પીએસાઈ કે.ડી.પરમાર તથા પોલીસ કર્મીઓ પણ પાછળ દોડી આવ્યા હતાં તો ટોલ સંચાલક યોગેન્દ્ર સિંહ કેશ રૂમ માં જતો રહ્યો હતો અને અંદર થી દરવાજો બંધ કરી દેતા જિલ્લા ટ્રાફિક પીએસાઈ કે.ડી.પરમાર તથા અન્ય બે પોલીસ કર્મીઓ દ્વારા ટોલ ઓફિસ ની કચેરી ના દરવાજા પર લાતો નો વરસાદ વરસાવ્યો હતો તો સમગ્ર ઘટના ત્યાં લાગેલા સી.સી.ટીવી ફૂટેજ માં કેદ થઇ ગઇ હતી તો સમગ્ર ઘટના ના વિડીઓ વાયરલ થયા તો ટ્રાફિક પોલીસ દ્વારા હાલતો ટોલ સંચાલક ની કાર ને ૨૦૦૦ નો દંડ પાવતી આપી ગુસ્સો ઠંડો કર્યો હતો.

ભિલોડા તાલુકામાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની આનંદ,ઉત્સાહભેર ઉજવણી

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર, આનંદ, ઉત્સાહભેર ઉજવણીના વિવિધ કાર્યક્રમો ઠેર-ઠેર યોજાયા હતા.વહેલી સવારથી દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજતુ હતું.ભિલોડા તાલુકા કક્ષાનો ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો કાર્યક્રમ પટ્ટાંગણમાં યોજાયો હતો. મામલતદાર, ટી.ડી.ઓ., પી.એસ.આઈ.,નાયબ મામલતદારો,વહીવટી તંત્રના અધિકારીઓ, રાજકીય, સહકારી આગેવાનો,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.રાષ્ટ્રીય ધુનની શુરાવલી વચ્ચે આન,બાન,શાન સાથે રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી હતી.

ભિલોડા ન્યાય મંદીર, મામલતદાર કચેરી,પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત કચેરી, ભિલોડા ગ્રામ પંચાયત કચેરી,એસ.ટી.બસ સ્ટેન્ડ, સમાજ સેવા ટ્રસ્ટ, સંચાલિત આર.જી.બારોટ કોલેજ ઓફ એજ્યુંકેશન કેમ્પસ,અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ,જ્ઞાન તપોવન વિદ્યા મંદીર, બામણા-પુનાસણ હાઈસ્કુલ,આર્ટ્સ એન્ડ કોલેજ બામણા-પુનાસણ, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, એન.આર.એ. વિદ્યાલય,માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલય,સરસ્વતી વિદ્યાલય,ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર.૧, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ધનવંતરી હાઈસ્કુલ,બટુક સ્કુલ,શ્રી શ્રી રવીશંકર બાલ મંદીર, રામનગર હાઈસ્કુલ શાળા,પાલ્લા હાઈસ્કુલ, માલાવાવ પ્રાથમીક શાળા, નવા ભવનાથ પ્રાથમીક શાળા, ગોવિંદનગર પ્રાથમીક શાળા, વાંકાનેર પ્રાથમીક શાળા,મુનાઈ પ્રાથમીક શાળા,નારણપુર-નારસોલી પ્રાથમીક શાળા, વાઘેશ્વરી પ્રાથમીક શાળા, મલેકપુર પ્રાથમીક શાળા તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહિત ભિલોડા તાલુકાના વિવિધ ગામોમાં ધ્વજ વંદનનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાયા હતા.

વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વક્તૃત્વ સ્પર્ધા,સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિના ગીતો, રક્તદાન શિબિર, વૃક્ષારોપણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શૈક્ષણિક સંસ્થાઓમાં આચાર્યો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકામાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ધામ-ધુમ પુર્વકની ઉજવણી રંગે-ચંગે સંપન્ન થઈ હતી. ધ્વજવંદનનો કાર્યક્રમ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આનંદ ઉત્સાહભેર ઉજવાયો હતો. રાષ્ટ્રધ્વજ ત્રિરંગો વિવિધ સ્થળોએ લહેરાવી દેશપ્રેમીઓ ધ્વારા સલામી આપવામાં આવી હતી. દેશપ્રેમીઓની ભાવનાને ઉજાગર કરતાં સ્વાતંત્ર્ય પર્વની આન-બાન-શાન સાથે ઉજવણીના કાર્યક્રમો ઠેર-ઠેર યોજાયા હતા. જય જવાન, જય કિસાન, શહીદો અમર રહો ગગનભેદી સુત્રોચ્ચારો વિદ્યાર્થીઓએ પોકાર્યા હતા.

સાબરકાંઠા જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ તલોદમાં ધામધૂમથી ઉજવાયો

તલોદ, તા. ૧૭ તલોદના શેઠ. એચ.સી.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના પટાંગણમાં ૧૫મી ઓગસ્ટ સ્વતંત્ર પર્વની સાબરકાંઠા જિલ્લા કક્ષાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાજય કક્ષાના કૃષિ ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર મંત્રી આર. સી. ફળદુના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વમાં પોલીસ પરેડનું નિરીક્ષણ કરી પ્રાસંગિક ઉદ્‌બોધન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં સન્માન એવોર્ડ એનાયત કાર્યક્રમો કરી રાષ્ટ્રગાન સાથે સમગ્ર કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે તલોદ નગરના વિકાસ માટે સરકાર દ્વારા ૨૫ લાખની રકમનો ચેક અર્પીત કરાયો હતો. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને મંત્રી દ્વારા ૧૧ હજાર રોકડ ઈનામ અપાયું હતું. આદિજાતિ કલ્યાણ ખેડૂતો, શિક્ષણ ક્ષેત્રે, જમ્મુ કાશ્મીરમાં ૩૭૦ કલમ વિશે, ધંધા રોજગાર માટે, સરકારના કરોડોની રકમ સહાય વિશે જાણકારી આપતા મંત્રીએ દેશ માટે બલિદાન આપનાર વીર જવાનોને યાદ કરી બિરદાવ્યા હતા. આ સરકાર હરહંમેશ ગરીબોની પડખે હોવાનું જણાવી દેશભક્તો અને સ્વાતંત્ર્ય સેનાનીઓ પણ ગાથા ગાઈ હતી.

આ પ્રસંગે સાંસદ દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ધારાસભ્ય કે.એમ. ડીંડોર, કૉલેજના ટ્રસ્ટી તુષારભાઈ પટેલ, કલેકટર પ્રવિણા ડી કે., મહેશ કાકા, બંસીલાલ મહેતા, વી.ડી. ઝાલા, કનુકાકા જેવા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ હાજર રહી ધામધૂમથી જિલ્લાનો આ પર્વ ઉજવ્યો હતો.

તલોદ ખાતે ૭૩માં સ્વાતંત્ર્ય પર્વ દિને હિંમતનગર ફાયર ઈન્સ્પેકટરનું સન્માન

જિલ્લા સહિત દેશ કક્ષાએ સન્માન : રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે : જિલ્લા કક્ષાએ કૃષિમંત્રીના હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત : રાષ્ટ્રપતિ દ્વારા પણ પ્રસંશનીય કામગીરી કરવા બદલ એવોર્ડ અપાશે

પ્રાંતિજ તા.૧૭ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નગરપાલિકા માં ફાયર ઈન્સ્પેકટર પ્રતાપસિંહ દેવડાનું દેશ લેવલે રાષ્ટ્રપતિદ્વારા એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવશે તો જિલ્લા કક્ષા એ સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા તો જિલ્લા સહિત હિંમતનગર અને નગરપાલિકાના ગૌરવ માં વધારો કર્યો છે .

હિંમતનગર નગરપાલિકામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ માં ફાયર ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા પ્રતાપસિંહ દેવડા ની તાલુકા સહિત જિલ્લા માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં ઉત્સુક કામગીરી અને પ્રશંસનીય સેવા બદલ દેશ કક્ષાએ તેવોની કામગીરીની નોધ લેવામાં આવી છે અને તેવો ને રાષ્ટ્રપતિ તરફ થી એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવનાર છે તો ૧૫ મી ઓગસ્ટ જિલ્લા કક્ષા ના ૭૩ માં સ્વાતંત્ર્ય પર્વના દિવસે તલોદ ખાતે યોજાયેલ પર્વ પ્રસંગે કુષિ મંત્રી આર.સી.ફળદુ ના હસ્તે પ્રતાપસિંહ દેવડા નું સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં તો કુળના નામ સહિત સમાજ હિંમતનગર અને નગરપાલિકા સહિત જિલ્લાનું ગુજરાતનું નામ રોશન કર્યું છે તો સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ દ્વારા પણ પ્રતાપસિંહ દેવડાની પ્રશંસનીય કામગીરી બદલ હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

મોડાસામાં રક્ષાબંધન નિમિત્તે બેહરા મૂગા શાળામાં નગરપાલિકા મોડાસા કોંગ્રેસના કાઉન્સિલર કલ્પનાબેન ભાવસારે મૂક-બધિર બાળકોને રાખડી બાંધી મો મીઠુ કરાવી દીર્ઘ આયુષ્ય અને સારા ભવિષ્યની પ્રાર્થના કરેલ. બાળકો આ પ્રસંગે ભાવવિભોર બની ગયા હતા.

ભિલોડા તાલુકામાં રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણી : ભુદેવોએ સામુહિક રીતે વિધિવિધાન પુર્વક જનોઈ ધારણ કરી

ભિલોડા,તા.૧૬

પવિત્ર પાવન શ્રાવણ માસ દરમ્યાન નારીયેળી પુનમના પાવન પર્વ નિમિત્તે રક્ષાબંધનના દિને બળેવનું પર્વ બ્રાહ્મણો માટે અનેરૂ મહત્વ ધરાવે છે.બ્રાહ્મણોએ પુજા,અર્ચના કરી હતી.ભુદેવોએ સામુહિક રીતે વિધિવિધાન પુર્વક જનોઈ સમુહમાં ધારણ કરી હતી.ભિલોડા શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના ભાઈઓએ હાથમતી નદી કાંઠે શ્રી વૈજનાથ મહાદેવ મંદિરના હોલમાં સામુહિક રીતે ભુદેવોએ ભેગા મળી વિધિવિધાન પુર્વક પુજા,અર્ચના,આરતી કરી નવિન જનોઈ ધારણ કરી હતી.બ્રાહ્મણ સમાજની વાડીમાં ભુદેવો ધ્વારા સામુહિક ભોજન સમારંભ યોજાયો હતો.

૭૩ માં સ્વતંત્રતા દિવસે સાબર ડેરીના મેનેજીંગ ડિરેકટર બી.એમ.પટેલ દ્વારા સાબર ડેરી ના મુખ્ય બિલ્ડીંગ પરીસર આગળના મેદાનમાં રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ધ્વજવંદન અને વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે સાબર ડેરીના વિવિધ વિભાગોના વિભાગીય વડા તેમજ અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહી ભાઈ-બહેનના પ્રેમ નું પ્રતીક એવા રક્ષા બંધનનો તહેવાર પણ ધામધૂમ થી ઉજવ્યો હતો.

બાયડના જય અંબે આશ્રમ ખાતે પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન

બાયડ, તા. ૧૭ સમગ્ર દેશમાં ઉલ્લાસ ભેર સ્વતંત્રતા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે બાયડ ખાતે આવેલા જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવા આશ્રમ ખાતે સ્વતંત્રતા દિનની ઉલ્લાસ ભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.જેમાં પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલ ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં બાયડ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ પટેલ,આશ્રમ ના ટ્રસ્ટી અને ટ્રસ્ટના પદાધિકારીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ઈશ્વરભાઈ આકરુન્દનું પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલ ના હસ્તે સન્માન પણ કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકામાં વિવિધ સંસ્થાઓ કોલેજ દ્વારા ૧૫ મી ઓગસ્ટની ઉજવણી

ખેડબ્રહ્મા, તા.૧૭ ખેડબ્રહ્મા તાલુકા કક્ષાનો પ્રોગ્રામ નાકા આઈ.ટી.આઈ. ખાતે રાખવામાં આવ્યો હતો જ્યા પ્રાંત અધિકારી કૌશિક મોદી ધ્વારા ધવજ વંદન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું.

જ્યારે શહેરની શેઠ કે.ટી હાઈસ્કૂલમા પ્રમુખ અશ્વિનભાઈ જોશી, સંત શ્રી નથુરામબાપા જ્યોતિ વિદ્યાલય, આર્ટ્સ અને કોમર્સ કોલેજ, આરડેકતા ઈન્સ્ટિટ્યૂટ, અને વિવિધ સંસ્થાઓ ધ્વારા દ્વારા વંદન કરવમાં આવ્યું હતું જ્યાંરે યુવા ના વોલિયંટર દ્વારા અનોખી ઉજવણ કરવાં માં આવી હતી હાઈવે પર નીકળી રહેલ તમામ યાત્રીઓ ને એક નાનો ધ્વજ અને ચોકલેટ આપીને ઉજવણી કરવામાં આવી હતી

જૈન સોશ્યલ ગ્રુપ હિંમતનગર દ્વારા ફેડરેશન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ૧૫મી ઓગસ્ટે હિંમતનગર બાલમંદિરમાં સ્વાતંત્ર દિને ધ્વજવંદન કર્યું બાળકોને રક્ષાબંધન નો પ્રોગ્રામ તથા તેમને સેવ બુંદી નું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે બાળકોએ સુંદર સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કર્યો હતો અંતે બાલ મંદિરના બગીચામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ પ્રસંગે જૈન સોશ્યલ ગ્રુપ હિંમતનગરના પ્રમુખ મનન મહેતા દીપ ભાઈ ત્રિવેદી ઉપપ્રમુખ ભૂમિ બેન કાજલ વખારિયા ડી કુલ ગાંધી જૈમીન દોશી હિંમતનગર બાલમંદિર ના પ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ સેક્રેટરી સતિષભાઈ શાહ મુકેશભાઈ શાહ સર્વાનંદ ભાઈ ભટ્ટ સંગીની પ્રમુખ હેતલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લા કક્ષાના ૭૩માં સ્વાતંત્ર પર્વની જીનિયસ સ્કૂલમાં રંગે ચંગે ઉજવણી

મોડાસા, તા. ૧૭ ૭૩ માં સ્વતંત્રતા પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે કરવામાં આવી હતી. મોડાસા જીનિયસ સ્કૂલના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર એમ. નાગરાજનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લામાં પ્રસંસનિય કામગીરી બદલ વિવિધ ક્ષેત્રના કર્મચારીઓને પ્રમાણ પત્ર આપી સન્માન કરાયું હતું.

અરવલ્લી જિલ્લા પોલિસે ભારે જહેમત બાદ કલાસવા ગેંગને ઝડપી પાડી હતી, જે માટે ગેંગને ઝડપી પાડતા પોલિસ કર્મીની ટીમને પ્રમાણ પત્ર આપવામાં આવ્યું હતું. તો આરોગ્ય ક્ષેત્રે અવ્વલ કામગીરી કરતા કર્મચારીઓ, બોર્ડની પરિક્ષામાં પ્રથમ નંબર આવનાર વિદ્યાર્થીઓ, અભયમ ટીમની મહિલાઓ સહિત મોડાસા નગર પાલિકાના ફાયર કર્મીઓને પણ પ્રમાણ પત્ર એનાયત કરાયું હતું.